# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 17-03-2024 સાંજે : 7.50 થી 8.00

વાર : રવિવાર

આકાશવાણી સમાચાર **નિશા શ્રીમાળી** વાંચે છે.

************************************************

- ચૂંટણી પંચે અરુણાચલ પ્રદેશ અને સિક્કિમ વિધાનસભા ચૂંટણી માટે મત ગણતરીની તારીખ 4 જૂનને બદલે બીજી જૂન કરી છે.
- ચૂંટણી પંચે આદર્શ આચાર સંહિતાના અસરકારક અમલીકરણ માટે દિશા-નિર્દેશો જાહેર કર્યા છે.
- ચૂંટણી પંચે આજે સર્વોચ્ચ અદાલતની રજિસ્ટ્રીમાંથી મળેલા ડિજિટલ ડેટા પોતાની વેબસાઈટ પર અપલોડ કર્યા છે.
- રાષ્ટ્રીય તપાસ એજન્સી – NIA ધ્વારા મહારાષ્ટ્રના પુણેમાં ISIS મોડ્યુલ કેસમાં 11 - આરોપીઓની ચાર સ્થાવર મિલકતો જપ્ત કરાઇ.
- ભારતના સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમને દર્શાવતો સૌથી મોટો કાર્યક્રમ સ્ટાર્ટઅપ મહાકુંભ આવતીકાલથી નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે શરૂ થશે.
- એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ ED એ દિલ્હી જળ બોર્ડમાં કથિત અનિયમિતતા અંગેના મની લોન્ડરિંગ કેસમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને સમન્સ પાઠવ્યા છે.

************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## ARUNACHAL PRADESH ELECTION

ચૂંટણી પંચે અરુણાચલ પ્રદેશ અને સિક્કિમ વિધાનસભા ચૂંટણી માટે મત ગણતરીની તારીખ 4 જૂનને બદલે બીજી જૂન કરી છે.

ચુંટણી પંચે કહ્યું છે કે, બંને રાજ્યોમાં સંસદીય મતવિસ્તારો માટેના સમયપત્રકમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

32 સભ્યોની સિક્કિમ વિધાનસભા અને 60 સભ્યોની અરુણાચલ પ્રદેશ વિધાનસભા માટે 19મી એપ્રિલે એક જ તબક્કામાં મતદાન થશે.

175 સભ્યોની આંધ્રપ્રદેશ વિધાનસભા માટે 13મી મેના રોજ એક જ તબક્કામાં અને 147 સભ્યોની ઓડિશા વિધાનસભા માટે ચાર તબક્કામાં 13મી, 20મી, 25મી મે અને 1લી જૂને લોકસભા ચૂંટણીની સાથે ચૂંટણી યોજાશે.

ચૂંટણી પંચે ગઈકાલે સામાન્ય ચૂંટણીઓ સાથે સિક્કિમ, ઓડિશા, આંધ્ર પ્રદેશ અને અરુણાચલ પ્રદેશમાં વિધાનસભા ચૂંટણી માટેના ચૂંટણી કાર્યક્રમની જાહેરાત કરી હતી.

## ELECTION

ચૂંટણી પંચે આદર્શ આચાર સંહિતાના અસરકારક અમલીકરણ માટે દિશા-નિર્દેશો જાહેર કર્યા છે.

કેબિનેટ સચિવ, રાજ્યોના મુખ્ય સચિવો અને મુખ્ય ચુંટણી અધિકારીઓને ચુંટણી પંચે કહ્યું છે કે, વોલ પેઇન્ટીંગ, પોસ્ટર જેવી તમામ સામગ્રીને ચુંટણીની જાહેરાત બાદ ૨૪ કલાકમાં દુર કરવામાં આવે.

ઇલેક્ટ્રોનિક અને પ્રિન્ટ મીડિયા પર સરકારની ઉપલબ્ધિઓની માહિતી આપનારી જાહેરાતોને પરવાનગી આપવામાં આવશે નહી. મુખ્ય ચુંટણી અધિકારી અને જીલ્લા ચુંટણી અધિકારી કોઈ પણ રાજકીય કાર્યક્રમના ફોટાઓ સરકારની વેબસાઇટ પરથી તાત્કાલિક દુર કરે.

## Nirvachan Ayog Bond

ચૂંટણી પંચે આજે સર્વોચ્ચ અદાલતની રજિસ્ટ્રીમાંથી મળેલા ડિજિટલ ડેટા પોતાની વેબસાઈટ પર અપલોડ કર્યો છે. આ ડેટા ચૂંટણી પંચની વેબસાઇટ www.eci.gov.in/candidate-politicalparty પર જોઈ શકાય છે.

ચૂંટણી પંચે કહ્યું છે કે સર્વોચ્ચ અદાલતના આદેશ મુજબ રાજકીય પક્ષોએ ચૂંટણી બોર્ડ સાથે સંબંધિત ડેટા સીલબંધ કવરમાં આપ્યા હતા અને તે કવર ખોલ્યા વિના જ સર્વોચ્ચ અદાલતને સોંપવામાં આવ્યા હતા.

15 માર્ચના અદાલતના આદેશ મુજબ, સર્વોચ્ચ અદાલતે આ ડેટા ફિઝિકલી માધ્યમથી અને પેન ડ્રાઇવમાં ચૂંટણી પંચને પરત કર્યો છે.

## DELHI - CC

ચૂંટણી પંચ દ્વારા લોકસભાની ચૂંટણીની જાહેરાત બાદ ગઈકાલથી આચારસંહિતા લાગુ થઈ ગઈ છે.

રાજધાની દિલ્હીના વિવિધ વિસ્તારોમાંથી પોસ્ટર, પેમ્ફલેટ, વોલ પેઈન્ટિંગ્સ અને આવી તમામ પ્રચાર સામગ્રી દૂર કરવામાં આવી રહી છે. આ ઉપરાંત ચૂંટણી પંચ દ્વારા આગામી ચૂંટણીને લઈને મતદારોમાં જાગૃતિના અનેક કાર્યક્રમો પણ પ્રસારિત કરવામાં આવી રહ્યા છે.

## PUNJAB ELECTION

સામાન્ય ચૂંટણીની જાહેરાતના એક દિવસ પછી, પંજાબના પોલીસ મહાનિર્દેશક ગૌરવ યાદવે કહ્યું છે કે રાજ્યની પોલીસ મુક્ત, ન્યાયી અને શાંતિપૂર્ણ વાતાવરણમાં ચૂંટણીઓ સુનિશ્ચિત કરવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે.

પોલીસ મહાનિર્દેશક-કાયદો અને વ્યવસ્થાના વિશેષ મહાનિર્દેશક અર્પિત શુક્લાએ આજે ચંદીગઢથી રાજ્યના તમામ વરિષ્ઠ પોલીસ અધિકારીઓને ઓનલાઈન સંબોધન કર્યું હતું.

પંજાબમાં લોકસભા ચૂંટણી માટે છેલ્લા તબક્કામાં 1 જૂને મતદાન થશે.

## CHANDIGADH ELECTION

ચંદીગઢમાં સંસદીય મતવિસ્તારમાં 1 જૂને મતદાન યોજાશે.

ચૂંટણી સંબંધિત અધિકારીઓએ રાજકીય પક્ષો સાથે અનેક બેઠકો યોજી છે. વહીવટીતંત્રે રાજકીય પક્ષોના પ્રતિનિધિઓને ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલ આદર્શ આચાર સંહિતાનું કડકપણે પાલન કરવા વિનંતી કરી છે.

ચંદીગઢ સંસદીય ક્ષેત્રમાં 6 લાખ 47 હજાર 291 મતદારો છે જેમના માટે 614 મતદાન મથકો બનાવવામાં આવ્યા છે. જેમાંથી 139 કેન્દ્રોને અતિસંવેદનશીલ જાહેર કરવામાં આવ્યા છે. મતદાનના દિવસે તમામ કેન્દ્રો પર વેબકાસ્ટિંગ કરવામાં આવશે.

## NIA

રાષ્ટ્રીય તપાસ એજન્સી – NIA ધ્વારા મહારાષ્ટ્રના પુણેમાં ISIS મોડ્યુલ કેસમાં 11 -આરોપીઓની ચાર સ્થાવર મિલકતો જપ્ત કરાઇ છે.

NIAએ કહ્યું કે આ સંપત્તિનો ઉપયોગ વિસ્ફોટક સામગ્રી બનાવવા, આતંકવાદીઓને તાલીમ આપવા અને આતંકવાદી ગતિવિધિઓની યોજના બનાવવા માટે કરવામાં આવી રહ્યો છે.

એનઆઈએ ધ્વારા જણાવાયું છે કે, પુણેના કોંધવામાં જપ્ત કરાયેલી સંપત્તિ 11 ગુનેગારોની છે. તેમાંથી ત્રણ ભાગેડુ ગુનેગાર છે.

ગેરકાનૂની પ્રવૃતિઓ (નિવારણ) અધિનિયમની કલમ 25 હેઠળ જપ્ત કરવામાં આવેલી મિલકતોમાં રહેણાંક મકાનો અને ફ્લેટનો સમાવેશ થાય છે. NIAના નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ કેસ મહારાષ્ટ્ર, ગુજરાત અને દેશના અન્ય ભાગોમાં આતંકવાદી હુમલા કરીને ભય અને આતંક ફેલાવવાના ISISના કાવતરા સાથે સંબંધિત છે.

## ૨ Startup-Mahakumbh

ભારતના સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમને દર્શાવતો સૌથી મોટો કાર્યક્રમ સ્ટાર્ટઅપ મહાકુંભ આવતીકાલથી નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે શરૂ થશે. આ કાર્યક્રમ નવી દિલ્હીમાં 20મી માર્ચ સુધી યોજાશે.

આ કાર્યક્રમમાં આર્ટીફીશીયલ ઇન્ટેલીજન્સ, B2B, એગ્રીટેક, ડીપટેક, ક્લાઇમેટ ટેક, ગેમિંગ, એસ્પોર્ટ્સ, ફિનટેક, ઇન્ક્યુબેટર્સ અને એક્સિલરેટર્સ પર પેવેલિયનો હશે.

આજે નવી દિલ્હીમાં પત્રકાર પરિષદમાં બોલતાં DPIIT સેક્રેટરી રાજેશ કુમાર સિંહે જણાવ્યું હતું કે આ પ્રકારની પ્રથમ ઇવેન્ટ છે જે રાષ્ટ્રીય રાજધાનીમાં આટલા મોટા પાયા પર આયોજિત કરવામાં આવી રહી છે.

શ્રી સિંઘે જણાવ્યું હતું કે ભારતમાં ત્રીજી સૌથી મોટી સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ છે અને દરરોજ મોટી સંખ્યામાં સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ આ યાદીમાં ઉમેરાઈ રહી છે. તેમણે વધુમાં કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ કાર્યક્રમમાં ભાગ લે તેવી શકયતા છે.

આ મેગા ઈવેન્ટમાં બે હજારથી વધુ સ્ટાર્ટઅપ્સ, ત્રીસ હજાર ભાવિ સાહસિકો, પચાસ હજાર વેપાર જગતના મુલાકાતીઓ, હજારો રોકાણકારો અને પાંચસોથી વધુ ઈન્ક્યુબેટર્સ અને ડેલિગેશન્સ ભાગ લેશે.

## KEJRIWAL

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ ED એ દિલ્હી જળ  બોર્ડમાં કથિત અનિયમિતતા અંગેના  મની લોન્ડરિંગ કેસમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને સમન્સ પાઠવ્યા છે. સત્તાવાર સૂત્રોના જણાવ્યા પ્રમાણે  તેમને આવતીકાલે તપાસ એજન્સી સમક્ષ હાજર થઈને તેમનું  નિવેદન નોંધવા  કહેવામાં આવ્યું છે.

ઇડીએ દિલ્લી જળ બોર્ડ કેસમાં દિલ્હી સરકારના આ વિભાગ દ્વારા જાહેર કરાયેલા કોન્ટ્રાક્ટ માંથી મળેલી  રકમ AAPને ચૂંટણી ભંડોળ તરીકે આપવામાં આવી હોવાનો આરોપ મૂક્યો છે. ગયા મહિને, એજન્સીએ આ તપાસના ભાગરૂપે શ્રી કેજરીવાલના અંગત મદદનીશ સહિત કેટલાક અન્ય લોકોના ઘર પર દરોડા પાડ્યા હતા.

ઉલ્લેખનીય છેકે શ્રી કેજરીવાલ ઉપર મની  લોન્ડરિંગ એક્ટ  હેઠળ આ બીજો કેસ નોંધાયો છે જેમાં કેજરીવાલને સમન્સ પાઠવવામાં આવ્યા છે.  ઇડી એ  આ મહિનાની

21મી તારીખે એક્સાઇઝ પોલિસી કેસમાં કેજરીવાલને  હાજર થવા માટે નવમી નોટિસ મોકલી છે.

## GUJARAT UNIVESITY - GUJARAT

વિદેશ મંત્રાલયે કહ્યું છે કે અમદાવાદની ગુજરાત યુનિવર્સિટીમાં ગઈકાલે થયેલી હિંસામાં બે વિદેશી વિદ્યાર્થીઓ ઇજાગ્રસ્ત થયા છે. આ કેસમાં બે વ્યકિતઓની ધરપકડ કરવામાં આવી છે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે એક વિદ્યાર્થીને પ્રાથમિક સારવાર બાદ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.

તેમણે કહ્યું કે રાજ્ય સરકાર ગુનેગારો સામે કડક પગલાં લઈ રહી છે. વિદેશ મંત્રાલય આ મામલે ગુજરાત સરકારના સંપર્કમાં છે.

## PWD ICON

ચૂંટણી પંચે દિવ્યાંગ તીરંદાજ અને અર્જુન પુરસ્કાર વિજેતા શીતલ દેવીને રાષ્ટ્રીય વિકલાંગ આઇકોન તરીકે જાહેર કર્યા છે.

ગઈકાલે દિલ્હીમાં ભારતીય બધિર ક્રિકેટ એસોસિએશનની ટીમ અને દિલ્હી અને જિલ્લા ક્રિકેટ એસોસિએશનની ટીમ વચ્ચેની પ્રદર્શની મેચ બાદ આ અંગેની જાહેરાત કરી હતી.

આ પ્રસંગે મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમાર અને અન્ય બે કમિશનરો. જ્ઞાનેશ કુમાર અને સુખબીર સિંહ સંધુ હાજર રહ્યા હતા. તે જ પ્રસંગે, ચૂંટણી પંચે વિકલાંગ ખેલાડીઓ અને વરિષ્ઠ મતદારો માટે મતદાર માર્ગદર્શિકા પુસ્તિકા પણ બહાર પાડી. આવા મતદારો માટે વિવિધ પ્રકારની સુવિધાઓનો ઉલ્લેખ આ પુસ્તિકામાં કરવામાં આવ્યો છે.

## NTA EXAM

રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી - NTA અગાઉ જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ 15 મે થી 31 મે વચ્ચે કેન્દ્રીય યુનિવર્સિટીઓમાં અંડરગ્રેજ્યુએટ અભ્યાસક્રમો માટેની પરીક્ષા યોજાશે.

યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનના અધ્યક્ષ એમ જગદીશ કુમારે સોશિયલ મીડિયાના માધ્યમથી જણાવ્યું છે કે રજિસ્ટર્ડ વિદ્યાર્થીઓની સંખ્યા અને તેમનું ભૌગોલિક સ્થાન અરજીની છેલ્લી તારીખ 26 માર્ચ પછી જાણી શકાશે.

તેમણે કહ્યું કે NTA આ માહિતી અને મતદાનની તારીખોના આધારે 15 મે અને 31 મે વચ્ચે પરીક્ષાની તારીખો નક્કી કરશે.